જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૩/૦૭/૨૦૨૧ મંગળવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :- સમાચાર યાદી નં.૧૨૫૪/૨૦૨૧

Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૧૨/૦૭/૨૦૨૧ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

અ.નં	ગુન્હાનો પ્રકાર	નોધાયેલ FIR ની સંખ્યા			અટક કરેલ આરોપીની સંખ્યા		
		ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ	ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ
૧	કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951	૧૧૬૩૨	૦	૧૧૬૩૨	૧૭૭૪૩	૦	૧૭૭૪૩
૨	કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005	૪૭૨૯	૦	૪૭૨૯	૬૨૬૪	૦	૬૨૬૪
3	કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો)	૯૮	૧	૯૯	૩૪૭	૦	૩૪૭
૪	Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ	૬૩૮૬૦	૪૨	૬૩૯૦૨	૬૪૪૫૦	૪૬	૬૪૪૯૬
કુલ		૮૦૩૧૯	૪૩	૮૦૩૬૨	૮૮૮૦૪	૪૬	૮૮૮૫૦

પત્રક-૨			
લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા	MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૨૪	૧૨,૫૦૦/-

પત્રક-૩			
જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા	વસુલ કરવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૬૪૭	૬,૪૭,૦૦૦/-

ડુપ્લીકેટ પોલીસ ની અટકાયતની વિગત

નરોડા પોલીસ સ્ટેશન :

"ખાખી કપડા ધારણ કરી પોલીસ હોવાનો ડર બતાવી પૈસા ઉઘરાવતા ઇસમને પકડી પાડતી નરોડા પોલીસ.

મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તથા સંયુક્ત પો.કમેશ્નર શ્રી સેક્ટર-૨ સાહેબ તથા ના.પો.કમીશ્નર શ્રી ઝોન-૪ તથા મ.પો.કમીશ્નરશ્રી "જી" ડીવીઝન નાઓએ મિલકત સબંધી ગુના શોધી કાઢવા સારૂ તેમજ મિલકત સબંધિ ગુના બનતા અટકાવવા સારૂ સખતમાં સખત પેટ્રોલીંગ રાખવા સુચના કરેલ હોઇ જે અનુસંધાને નરોડા પોલીસ સ્ટેશનના "પોલીસ ઇન્સ્પેક્ટરશ્રી પી.બી.ખાંભલા" નાઓના માર્ગદર્શન હેઠળ સર્વે સ્કોડના પો.સબ.ઇન્સ. એ.એમ.પટેલ તથા સાથેના સર્વેલંન્સ સ્ક્વોડના માણસો પેટ્રોલીંગમાં હતા. તે દરમ્યાન નરોડા સ્મશાન ચાર રસ્તા પાસે આવતા સાથેના પો.કો. પંકેશકુમાર ઘનાભાઇ તથા એલ.આર.અભિષેક અશ્વિનકુમાર નાઓએ સયુંક્ત બાતમી હકીકત આપેલ કે "એક ઈસમ જે સફેદ કલરની એકટીવા ઉપર પોલીસ યુનિફોર્મમાં નરોડા હંસપુરા બસ સ્ટેન્ડ પાસે જાહેર રોડ ઉપર અવર જવર કરતા માલવાહક વાહનોને ઉભા રાખી પૈસા ઉઘરાવતો અને નકલી પોલીસ હોવાની બાતમી હકિકત આધારે સદરી જગ્યાએ જતા એક ઈસમ જેને સફેદ એકટીવા રોડની સાઈડમાં પાર્ક કરી પોલીસના કપડા પહેરી વાહન ઉભો રખાવતો હોય જેથી તેને પકડી લઈ નામઠામ પુછતા પોતે પોતાનુ નામ મિહીર સ/ઓ ઉપેન્દ્રભાઈ જાતે મોદી ઉ.વ ૧૮ ધંધો મજુરી રહે કુબેરદાસની જુની ચાલી દશામાંના મંદિરની બાજુમાં મહાલક્ષ્મી જવેલર્સની પાછળ સૈજપુર બોઘા કૃષ્ણનગર અમદાવાદ શહેર ના હોવાનુ જણાવેલ અને સદરી પાસે પોલીસનું ઓળખપત્ર કે પોતે કયાં ફરજ બજાવે છે તે બાબતે પુછપરછ કરતા પોતે પોલીસમાં ન હોવાનુ અને પોતાને શોખ હોઈ પોલીસનો યુનિફોર્મ ધારણ કરી ફરતો હોવાનુ જણાવેલ જેથી સદરી ઈસમના વિરુધ્ધ "નરોડા પોલીસ સ્ટેશન ગુ.ર.નં-પાર્ટ-એ-૧૧૧૯૧૦૩૫૨૧૧૪૪૮/૨૦૨૧ ઇ.પી.કો કલમ ૧૭૦,૧૭૧ મુજબનો ગુન્હો દાખલ કરી સદરી ઈસમને તા ૧૨/૦૭/૨૦૨૧ ના કલાક ૨૧/૪૫ વાગે અટક કરી જરૂરી કાર્યવાહી કરી સારી કામગીરી કરેલ છે. તા.૧૩/૦૭/૨૦૨૧.

મુદ્દામાલ–

(૧)એક સેમસંગ કંપનીનો ગેલેક્ષી એમ ૩૦ એસ મોડલનો વાદળી કલરનો મોબાઈલ ફોન જેની કિ.રૂ ૫૦૦૦/- ગણી શકાય તથા (૨) એક સફદે કલરની એકટીવા જેનો આગળ પાછળ નંબર નંબર જોતા GJ-01-SZ-7860 નો જેની કિ.રૂ ૨૫૦૦૦/- ગણી શકાય તથા (૩) સદરી ઈસમે ધારણ કરેલ ખાખી શર્ટ તેના સોલ્ડર ઉપર જી.પી. લાગેલા છે. તેમજ પોલીસનો લોગો અને નેમપ્લેટ જેની ઉપર અંગ્રેજીમાં મિહીર મોદી નામ લખેલ છે. તે શર્ટ તથા ખાખી પેન્ટ તથા લાલ કલરનો જી.પી લખેલ કપડાનો બેલ્ટ તથા ખાખી રંગના પોલીસ લખેલા પગના મોજા અને કાળા રંગના લેધર બુટ જે તમામની કિ.રૂ ૦૦/૦૦ ગણી શકાય તે

કામગીરી કરનાર અધિકારી / કર્મચારી

સર્વે સ્વોડ પો.સ.ઇ. એ.એમ.પટેલ તથા પો.કો રણજીતસિંહ પ્રતાપસિંહ બ.નં ૪૯૯૦ તથા પો.કો દિલીપભાઈ ભરતભાઈ બ.નં ૫૯૬૪ તથા પો.કો. પંકેશકુમાર ઘનાભાઇ બ.નં.૪૦૫૬ તથા પો.કો.જનકભાઈ પુંજાભાઈ બ.નં ૪૬૦૬ તથા એલ.આર.અભિષેક અશ્વિનકુમાર બ.નં ૭૦૦૫

આરોપીનુ નામ -

મિહીર સ/ઓ ઉપેન્દ્રભાઈ જાતે મોદી ઉ.વ ૧૮ ધંધો મજુરી રહે કુબેરદાસની જુની ચાલી દશામાંના મંદિરની બાજુમાં મહાલક્ષ્મી જવેલર્સની પાછળ સૈજપુર બોઘા કૃષ્ણનગર અમદાવાદ શહેર



નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૧૨૫૫/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૮ કેસ કરી, ૮ વ્યક્તિઓને ઝડપી, ૭૩ લીટર દેશી દારૂ કબજે કર્યો હતો. તેમજ જુગારધારા હેઠળ ૦૩ કેસ કરી, ૦૩ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧૫,૫૬૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૧૨૫૬/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૨૦ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ હેઠળ ૦૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

ચોરી :- **સમાચાર યાદી નં.૧૨૫૭/૨૦૨૧**

નારોલ : ગોવિંદભાઇ અમૃતલાલ મોદી (ઉ.વ.૩૯)(રહે.રાજમંદીર સોસાયટી, ઇસનપુર વટવા રોડ, નારોલ) એ તા.૧૨/૦૭/૨૦૨૧ ના રોજ નારોલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૦૮/૦૭/૨૦૨૧ ના કલાક ૧૧/૦૦ થી ૧૨/૦૦ વાગ્યા દરમ્યાન નારોલ મોનીહોટલના ખાંચામા વૃંદાવન શોપીંગ સેન્ટર ખાતે આવેલ ગોવિંદભાઇની જ્વેલર્સની દુકાન નંબર-૦૮ ખાતે આવેલ બે અજાણી સ્ત્રી અને એક પુરૂષ (જેના નામ-સરનામાની ખબર નથી) એ ભેગામળી દુકાનમાંથી (૧) સોનાનુ પેંડલ સાથેનુ મંગળસુત્ર કિંમત રૂપિયા ૭૫,૦૦૦/- (૨) સોનાનુ ઝુમર અને બુટી કિંમત રૂપિયા ૮,૭૫૦/- (૩)નાકાવાળૂ પેંડલ કિંમત રૂપિયા ૭,૫૦૦/- મળી કુલ રૂપિયા ૯૧,૨૫૦/- મતાની તેમજ નારોલ ચંદનનગર-૦૨ સામે, નંદનવન રેસીડેન્સી ખાતે આવેલ સાહેદ અશોકભાઇ પંચાલની જ્વેલર્સની દુકાન નંબર-૦૯ માંથી (૧) નાકની કાટી ત્રણ પેકેટ કિંમત રૂપિયા ૫૨,૫૦૦ (૨)કાનની કડી બે જોડી કિંમત રૂપિયા ૧૦,૦૦૦/- મળી કુલ રૂપિયા ૬૨,૫૦૦/- મતાના દાગીના ચોરી કરી લઇ ગયા હતા. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.એ.કુલધારા ચલાવે છે.

વીજ કરંટ લાગતા મૃત્યુ :- **સમાચાર યાદી નં.૧૨૫૮/૨૦૨૧**

ઘાટલોડીયા : (૧) પ્રવીણભાઇ ગોવિંદભાઇ પટણી (ઉ.વ.૩૦) અને (૨)ચંદાબહેન વા/ઓ ગોવિંદભાઇ પટણી (ઉ.વ.૬૦)(બંને રહે, સંજયનગર ગેટ નંબર-૩ ઘાટલોડીયા)તા.૧૧/૦૭/૨૦૨૧ રાતના ૯/૨૫ વાગે પોતાના ઘરની બહાર નિકળવા લોખંડની જાળીવાળા દરવાજા ને ખોલવા જતા દિકરા અને માતા બંને ને વીજ કરંટ લાગતા સારવાર અર્થે તેમને સોલા સિવીલ હોસ્પીટલ ખાતે લઇ જતા ફરજ પરના ડૉ.શ્રી એ બંનેને મૃત જાહેર કર્યા હતા. આ અંગે ઘાટલોડીયા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી ગિરવતસિંહ રામસિંહ ચલાવે છે.

ઓઢવ : સંગીતાબહેન વા/ઓ કીરણભાઇ પટેલીયા (ઉ.વ.૩૫)(રહે.ખેડીખરનગરના છાપરા ભુરીબા સ્કુલ ની પાછળ, સીંગરવા ઓઢવ) તા.૧૨/૦૭/૨૦૨૧ સવારના ૧૦/૩૦ વાગ્યાના સુમારે ઓઢવ પ્લોટ નંબર-૦૩ પંચજન્ય એસ્ટેટ વેપારી મહામંડળ ખાતે આવેલ "લક્ષ્મી ઉધોગ" નામના કારખાનામા પેકીંગ વિભાગમા લોખંડની બારી બંધ કરવા જતા ઇલેક્ટ્રીક વાયરથી વીજ કરંટ લાગતા સારવાર માટે તેમને સીવીલ હોસ્પીટલ ખાતે લાવતા બપોરના ૧/૦૦ વાગે ફરજ પરના ડૉ.શ્રીએ તેમને મૃત જાહેર કર્યા હતા. આ અંગે ઓઢવ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એમ.આર.ઝાલા ચલાવે છે.

દાણીલીમડા : દાણીલીમડા ગુલાબનગર વી.આર.કારખાના ખાતે રહેતા દિપકકુમાર કુલચંદ ગૌતમ (ઉ.વ.૨૨)(મુળ વતનઃ ગ્રામસભા, થાને તાઃ પિંટ્રા, જી:વારાણસી, ઉત્તરપ્રદેશ) તા.૧૧/૦૭/૨૦૨૧ રાતના ૯/૦૦ વાગ્યાના સુમારે એચ.એસ.કાંટા સામે ઇલેક્ટ્રીક ડી.પી. ના થાભલા નજીક વરસાદના પાણી ભરાતા કોઇ કારણસર થાંભલામાંથી વીજ કરંટ લાગતા પડી જતા સારવાર માટે તેમને એસ.વી.પી. હોસ્પીટલ ખાતે લાવતા રાતના ૯/૩૦ વાગે ફરજ પરના ડૉ.શ્રીએ તેમને મૃત જાહેર કર્યા હતા. આ અંગે દાણીલીમડા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી પ્રધાનજી ખેગારજી ચલાવે છે.

<u>જે.સી.બી પલ્ટી ખાઇ જતા મૃત્યુ :-</u> **<u>સમાચાર યાદી નં.૧૨૫૯/૨૦૨૧</u>**

દાણીલીમડા : દિપેશકુમાર જગ્લાલ મહોત (ઉ.વ.૨૯) (રહે. ક્રિષ્નાનગર, સી.ટી.એમ) તા.૧૧/૦૭/૨૦૨૧ રાતના ૮/૨૦ વાગે નારોલ પીપલજ રોડ ઉપર કચરાના ઢગલા ઉપરથી જે.સી.બી.વાહન નીચે ઉતારતી વખતે પલ્ટી ખાઈ જતા, દિપેશભાઇ જે.સી.બી. નીચે આવી જતા શરીરે ગંભીર ઈજાઓ થતા, સારવાર અર્થે તેમને એલ.જી.હોસ્પીટલ ખાતે લાવતા સારવાર દરમ્યાન તા.૧૨/૦૭/૨૦૨૧ ના કલાક ૦૦/૫૦ વાગે તેમનુ મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગે દાણીલીમડા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી પ્રધાનજી ખેગારજી ચલાવે છે.

<u>આત્મહત્યા :-</u> **<u>સમાચાર યાદી નં.૧૨૬૦/૨૦૨૧</u>**

સોલા હાઇકોર્ટ : ઉમેદભાઈ ચતુરભાઈ ચુનારા (ઉ.વ.૬૬)(રહે.ઠીકરીયા વાસ, સોલા ગામ) એ અગમ્ય કારણસર તા.૦૬/૦૭/૨૦૨૧ ના રોજ પોતાના ઘરે પોતાની જાતે કોઈ ઝેરી પ્રવાહી પી લેતા સારવાર અર્થે તેમને સોલા સીવીલ હોસ્પીટલ ખાતે દાખલ કર્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૧૨/૦૭/૨૦૨૧ રાતના ૧૦/૫૫ વાગે તેમનુ મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગે સોલા હાઇકોર્ટ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી રણવીરસિંહ વજેસિંહ ચલાવે છે.

શહેરકોટડા : રાધાબહેન વા/ઓ સુરેશકુમાર પ્રજાપતિ (ઉ.વ.૨૦) (રહે.ત્રીજો માળ, શણગારશેરી સરસપુર) એ અગમ્ય કારણસર તા.૧૨/૦૭/૨૦૨૧ ના કલાક ૯/૩૦ થી ૧૦/૩૦ વાગ્યા દરમ્યાન પોતાના ઘરે ગળેફાસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે શહેરકોટડા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.પો.કમિ.શ્રી "ડી" ડીવીઝન નાઓ ચલાવે છે.

વેજલપુર : ચિંતનભાઇ અરવિંદભાઈ પરમાર (ઉ.વ.૨૮) (રહે.કૃષ્ણનગરી ફલેટ, શ્રીનંદનગર વિભાગ-૦૨ પાસે, મકરબા રોડ, વેજલપુર) એ અગમ્ય કારણસર તા.૧૨/૦૭/૨૦૨૧ બપોરના ૧૨/૩૦ થી ૨/૩૦ વાગ્યા દરમ્યાન પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે વેજલપુર પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી શૈલેષભાઈ મણીલાલ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી